RNI No : GUJGUJ/2015/65690

ॐकार संप्रदाय™
( एक आध्यात्मिक पथ )

# ૐકાર સંપ્રદાય

## એક આધ્યાત્મિક પથ

વર્ષ : ૦૮ અંક : ૦૭ જાન્યુઆરી - ૨૦૨૩ કિંમત : ૧૦/-



મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ. પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામીનો પ્રાગટ્ય દિવસ વિશેષાંક

મનવમાંથી મહામાનવ બનવાની ક્રિયા
સાધકમાંથી સિદ્ધ બનાવી દેનાર
અતિશક્તિશાળી પ્રચંડ અને દુર્લભ શક્તિપાત એટલે

# ૐકાર ત્રિત્રાંશ ક્રિયાયોગ

o pramane

આપની તકલીફો માંથી મુક્ત થવા માટે
આજે જ આ ક્રિયા યોગ માં જોડાઓ



**મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮**
**પ.પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામી**

## ૐકાર ત્રિત્રાંશ ક્રિયાયોગમાં જોડાનાર સાધકને આપવામાં આવનાર શાસ્ત્રોક્ત સિદ્ધ સાધન

| | | |
|---|---|---|
| (૧) ૐકાર મેરુશક્તિ પૃષ્ઠ | (૨) ૐકાર ત્રિશક્તિ ક્રિયાયોગ ચક્ર | (૩) ૐકાર શુભલક્ષ્મી ક્રિયાયોગ ચક્ર |
| (૪) ૐકાર કુંડલિની ક્રિયાયોગ ચક્ર | (૫) ૐકાર શક્તિ ચક્ર | (૬) ૐકાર ત્રિત્રાંશ ચક્ર |

ઈશ્વરીય શક્તિ અને ઊર્જાથી સિદ્ધ કરવામાં આવેલા ચક્રનો ઉપયોગ આપ સાધકોએ કેવી રીતે કરવો એ ક્રિયાયોગમાં શીખવાડવામાં આવશે.

**સંપર્કસૂત્ર**
**ૐકાર સંપ્રદાય શક્તિપીઠ આશ્રમ**
**સેવા સમર્પણ ફાઉન્ડેશન**
(Trust Reg. No. E/18590/Ahmedabad Under 80-G Tax Free 5313/09-10)
**ૐકાર ફાઉન્ડેશન ટ્રસ્ટ**
(Trust Reg. No. E/20646/Ahmedabad)
૦૦૧, ગ્રાઉન્ડ ફ્લોર, આંગી ફ્લેટ, અન્નપૂર્ણા પાર્ટી પ્લોટ સામે, નવા વિકાસગૃહ રોડ,
પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭.
(મો) ૯૪૨૯૨૦૮૯૯૭, ૮૭૫૮૯૯૯૨૯૭, ૯૩૭૬૩૩૪૨૮૯



|| ૐ નમઃ ||

ॐकार संप्रदाय™
( एक आध्यात्मिक पथ )

# ૐકાર સંપ્રદાય

માસિક મેગેઝીન (પત્રિકા)

**પ્રેરણાસ્ત્રોત**

મંત્રયુગપરિવર્તક
ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ. પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામી

**તંત્રી**
કિંજલભાઈ શાહ

**સહતંત્રી**
મિહિરભાઈ શાહ

**સંપ્રદાય-સંપર્કસૂત્ર**

ૐકાર સંપ્રદાય શક્તિપીઠ આશ્રમ
સેવા સમર્પણ ફાઉન્ડેશન

Trust Reg. No. : E/18590/Ahmedabad
Under 80-G Tax Free (5313/09-10)

ૐકાર ફાઉન્ડેશન ટ્રસ્ટ

Trust Reg. No. : E/21646/Ahmedabad

૦૦૧, ગ્રાઉન્ડ ફ્લોર , આંગી એપાર્ટમેન્ટ,
અન્નપૂર્ણા પાર્ટી પ્લોટ ની સામે,
નવા વિકાસ ગૃહ રોડ, પાલડી,
અમદાવાદ - ૩૮૦૦૦૭

E-mail ID : omkarsampraday@gmail.com
E-mail ID :info@sadguruomrushi.org
Website : www.sadguruomrushi.org

મોબાઈલ નંબર - ૮૭૫૮૯૯૯૨૯૭,
૯૪૨૯૨૦૮૯૯૭, ૯૩૭૬૩૩૪૨૮૯,

**મુદ્રક**

પ્રિન્ટ વિઝન પ્રા. લી.
આંબાવાડી બજાર, અમદાવાદ - ૬,
ફોન નં - (૦૭૯) ૨૬૪૦૫૨૦૦

જાન્યુઆરી - ૨૦૨૩ | પાના નં - ૨૪
વર્ષ : ૦૮ | અંક : ૦૭
કિંમત રૂ. - ૧૦/-

# તંત્રી સ્થાનેથી...



પ્રિય ભક્તજનો,

ૐકાર સંપ્રદાય મેગેઝિનમાં આજે તંત્રી તરીકે હું પૂજ્ય ગુરુદેવના જીવનમાં બનેલી એક સત્ય ઘટના જે ગુરુજીએ અછાંદસ કાવ્યના સ્વરૂપમાં લખી છે. એ આજે અક્ષરસહ એમના શબ્દોમાં લખાયેલી છે એ અહીં હું લખી રહ્યો છું.

આ ઘટના ૧૯૮૫ની આસપાસની છે. એ વખતે અમદાવાદ શહેરમાં લાઈટો ઘણીવાર જતી રહેતી હતી. એ સમયે ઘરના સદસ્યો અમારા બંગલાના ઓટલા ઉપર બેસીને લાઈટ આવે એની રાહ જોતા હતાં. એ સમયની ઘટના ગુરુજીએ પોતાના અછાંદસ કાવ્યમાં રજૂ કરી છે, જે હું અહીં રજૂ કરી રહ્યો છું.

## 'બાળપણનું ઘર'

વીજળી અચાનક જતી રહી
રાહ જોતાં ઘરના ઓટલે.
દાદા અને પિતા સાથે બેસી
વાત કરતા
અચાનક મને થયું
મેં પૂછ્યું, "શું મને સારું નહીં થાય?"
એક કાળાડિબાંગ વાદળમાંથી
વરસાદને બદલે વીજ
ચમત્કાર નીકળ્યો
બરાબર તે જ સમયે મારા પિતા
ઉદાસીનતા સાથે આકાશ તરફ.....
અમસ્તું નિહાળવા લાગ્યા
દાદાની આંખોની ભીનાશ
વીજ ચમકારામાં પણ એ લોકોના
હૃદયની પીડા મને સ્પર્શી ગઈ.
મજબૂરીની વ્યથા
કદાચ ઈશ્વરની શક્તિ
કહેવાની કદાચ સાચી
પ્રથા હશે
વીજ ચમકારા મને હંફાવી ગયા
કારણ એમની મજબૂરીથી વ્યથા
ભારેખમ બોજ સાથે,
મારા ખભે રોજ વીજ ચમકારા
બની તૂટે છે, સળગે છે....
અને કદાચ સળગતા રહેશે.

પરમ પૂજ્ય ગુરુજીનો આ અનુભવ એમના જીવનનું એ સત્ય હતું કે જે સત્ય એ પોતાના સમાવી આધ્યાત્મિક પથ પર અગ્રેસર થયા અને આપણા સૌને દિવ્ય મંત્રો, મંત્રશક્તિપાત, ૐકાર ચાલીસા અને શ્રી નવદુર્ગા ચાલીસા જેવી અદ્‌ભૂત કૃતિથી ધન્ય બનાવ્યા છે.

ૐકાર સંપ્રદાય મેગેઝિનમાં આવતા મંત્રો, દિવ્ય સાધનાઓ તેમજ વિવિધ દિવ્ય રાહો દ્વારા આપ સૌના જીવનમાં સકારાત્મક પરિવર્તન આવે તેવી પ.પૂ. સદ્‌ગુરુ ૐઋષિના શ્રીચરણોમાં અભ્યર્થના સાથે ૐ નમઃ...

તંત્રી,
કિંજલભાઈ શાહ

# સદ્‌ગુરુ ૐઋષિ રચિત પવિત્ર શબ્દોથી આ મહિનાનાં રોજેરોજનાં કાર્યમાં સફળતાની ગુરૂચાવી

| તારીખ | વાર | પવિત્ર શબ્દ |
|---|---|---|
| ૨૧-૧-૨૦૨૩ | શનિવાર | ૐ ત્રુશામી |
| ૨૨-૧-૨૦૨૩ | રવિવાર | ૐ કુબેરામ |
| ૨૩-૧-૨૦૨૩ | સોમવાર | ૐ લક્ષ્મીતા |
| ૨૪-૧-૨૦૨૩ | મંગળવાર | ૐ લક્ષ્મીત્ય |
| ૨૫-૧-૨૦૨૩ | બુધવાર | ૐ શુક્તા |
| ૨૬-૧-૨૦૨૩ | ગુરૂવાર | ૐ ગુરૂતા |
| ૨૭-૧-૨૦૨૩ | શુક્રવાર | ૐ બુધતા |
| ૨૮-૧-૨૦૨૩ | શનિવાર | ૐ રાહુતા |
| ૨૯-૧-૨૦૨૩ | રવિવાર | ૐ કેતુતા |
| ૩૦-૧-૨૦૨૩ | સોમવાર | ૐ શનિતા |
| ૩૧-૧-૨૦૨૩ | મંગળવાર | ૐ મંગલિતા |
| ૦૧-૨-૨૦૨૩ | બુધવાર | ૐ સૂર્યતા |
| ૦૨-૨-૨૦૨૩ | ગુરૂવાર | ૐ ચંદ્રતા |
| ૦૩-૨-૨૦૨૩ | શુક્રવાર | ૐ સૂર્યવિદન્ત્યદેવ |
| ૦૪-૨-૨૦૨૩ | શનિવાર | ૐ રાજસ્વદેવ |
| ૦૫-૨-૨૦૨૩ | રવિવાર | ૐ ધનલક્ષ્મીદેવી |

| તારીખ | વાર | પવિત્ર શબ્દ |
|---|---|---|
| ૦૬-૨-૨૦૨૩ | સોમવાર | ૐ સિદ્ધલક્ષ્મીદેવી |
| ૦૭-૨-૨૦૨૩ | મંગળવાર | ૐ વાજલક્ષ્મીદેવી |
| ૦૮-૨-૨૦૨૩ | બુધવાર | ૐ અન્નલક્ષ્મીદેવી |
| ૦૯-૨-૨૦૨૩ | ગુરૂવાર | ૐ ભૂમિલક્ષ્મીદેવી |
| ૧૦-૨-૨૦૨૩ | શુક્રવાર | ૐ કર્મતા |
| ૧૧-૨-૨૦૨૩ | શનિવાર | ૐ સિદ્ધિતા |
| ૧૨-૨-૨૦૨૩ | રવિવાર | ૐ શિવાય |
| ૧૩-૨-૨૦૨૩ | સોમવાર | ૐ વિજયતામ |
| ૧૪-૨-૨૦૨૩ | મંગળવાર | ૐ ધનત્ય |
| ૧૫-૨-૨૦૨૩ | બુધવાર | ૐ ધનીતા |
| ૧૬-૨-૨૦૨૩ | ગુરૂવાર | ૐ કાર્યલક્ષ્મીદેવી |
| ૧૭-૨-૨૦૨૩ | શુક્રવાર | ૐ ગજલક્ષ્મીદેવી |
| ૧૮-૨-૨૦૨૩ | શનિવાર | ૐ વિજયલક્ષ્મીદેવી |
| ૧૯-૨-૨૦૨૩ | રવિવાર | ૐ સુરિતાભ |
| ૨૦-૨-૨૦૨૩ | સોમવાર | ૐ વાદસ્ય |
| | | |

## • સટીક પ્રયોગ •

**આપ કોઈ મહત્ત્વના કાર્ય માટે પ્રયત્ન કરતા હોય તો એમાં સફળ થવા માટે નીચે આપેલો પ્રયોગ અચૂક કરવો**

આપે આખા દિવસમાં એકવાર આપની કાર્યસિદ્ધિ માટે સંકલ્પ કરી એક દીવો કરવો. આ દીવો માત્ર આપ જે કાર્ય પૂર્ણ કરવા માંગતા હોય એ પૂર્ણ ના થાય ત્યાં સુધી રોજ કરવો. દીવો કર્યા બાદ સદ્‌ગુરુ ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ એકવાર કરવો. આ પ્રક્રિયા આપના કાર્યને અવશ્ય પૂર્ણ કરશે.

**પ્રયોગ કરવાનો સમય :** આખા દિવસમાં ગમે ત્યારે કરી શકાય.

**કેટલા દિવસ કરવો ? :** આપનું કાર્ય પૂર્ણ ના થાય ત્યાં સુધી કરવો.

# ભગવાન શિવની મહાશિવરાત્રિના પાવન પર્વ પર પરમ કૃપા પ્રાપ્ત કરવા ચમત્કારિક મંત્રસાધના

આમ તો મહાશિવરાત્રિ દર મહિને આવતી હોય છે પરંતુ ફાગણ મહિનાની કૃષ્ણપક્ષની ચતુર્દશી મહાશિવરાત્રિ કહેવામાં આવે છે. આપણા પુરાણોમાં પણ મહાશિવરાત્રિનું સર્વાધિક મહત્ત્વ વર્ણવવામાં આવ્યું છે. કહેવાય છે કે સૃષ્ટિનો આરંભ આ જ દિવસથી થયો હતો.

''फाल्गुन कृष्णचतुर्दश्यामा दिदेवो महानिशि ।
शिवभिड्गतयोद्भूतः कोटिसूर्यसमप्रभ ॥''

|| ॐ नमः शिवाय ||

ઈશાન સંહિતાના આ વાક્ય અનુસાર જ્યોતિર્લીંગનો પ્રાદુર્ભાવ થવાથી આ પર્વને મહાશિવરાત્રિના રૂપમાં મનાવવામાં આવે છે. મહાશિવરાત્રિ એક એવો દિવસ છે જ્યારે પ્રકૃતિ મનુષ્યને તેના આધ્યાત્મિક શિખર સુધી જવામાં સહાયક બને છે. એવું માનવામાં આવે છે મહાશિવરાત્રિની રાત્રિ વખતે ગ્રહોનો ઉત્તરી ગોળાર્ધ એવી રીતે સ્થિત હોય છે કે મનુષ્યની અંદરની ઊર્જા પ્રાકૃતિક રૂપથી ઉપરની તરફ ગતિ કરે છે. માટે જ અધ્યાત્મ પથ પર અગ્રેસર સાધકો માટે મહાશિવરાત્રિની રાત્રિ ખૂબ જ મહત્ત્વપૂર્ણ હોય છે. મહાશિવરાત્રિની રાત્રિ સૌથી વધુ અંધકારપૂર્ણ રાત્રિ હોય છે.

પૌરાણિક કથાઓ અનુસાર મહાશિવરાત્રિના દિવસે જ ભગવાન શંકર, દેવાધિદેવ મહાદેવ મધ્યરાત્રિના સમયે નિરાકાર બ્રહ્મથી સાકાર સ્વરૂપ એટલેકે રૂદ્ર રૂપમાં અવતરિત થયા હતા.સૃષ્ટિનો આરંભ આ જ દિવસે અગ્નિલીંગ એટલેકે જે મહાદેવનું વિશાળકાય સ્વરૂપ છે તેમાંથી થયો હતો. ભગવાન શિવ મહાશિવરાત્રિના દિને જ્યોતિર્લીંગ સ્વરૂપે પ્રગટ થયા હતા જેનો ન આદિ ન અંત હતો. માટે આ દિવસને મહાશિવરાત્રિ તરીકે ઉજવવામાં આવે છે.

મહાશિવરાત્રિ માટે એવું પણ કહેવાય છે કે આ શિવ અને શક્તિના મિલનની રાત્રિ છે. આધ્યાત્મિક રૂપથી આને પ્રકૃતિ અને પુરૂષના મિલનની રાત તરીકે ઓળખવામાં આવે છે. શિવરાત્રિ ભારત ઉપરાંત વિશ્વના બીજા પણ ઘણાં દેશોમાં ધામધૂમથી ઉજવવામાં આવે છે. ભગવાન શિવ એટલે દેવાધિદેવની સાધના, આરાધના, ભક્તિ અને ઉપાસના માટેનો પ્રમુખ પર્વ એટલે મહાશિવરાત્રિ. પાપ અને ભયને દૂર કરી જીવનને એક નવી ઊંચાઈ તરફ સકારાત્મક ઊર્જા તરફ અગ્રેસર કરવાનો પવિત્ર પર્વ એટલે મહાશિવરાત્રિ. આમ, શિવરાત્રિ એ ભગવાન શિવના દિવ્ય અવતરણની મંગલસૂચક છે. કામ, ક્રોધ, લોભ, મોહ અને તમામ વિષય-વિકારોથી મુક્ત કરીને પરમ સુખ, પરમાનંદ, પરમશાંતિ અને ઐશ્વર્ય પ્રદાન કરનાર મહાશિવરાત્રિનું બધાં જ પર્વોમાં સવિશેષ મહત્ત્વ છે.

॥ ૐ નમઃ ॥

**આ વખતે મહાશિવરાત્રિ તારીખ : ૧૮-૨-૨૦૨૩, શનિવારના રોજ છે.**

# મહાશિવરાત્રિના પાવન પર્વ પર ભગવાન શિવની મંત્રસાધના કરવાની માહિતી

મહાશિવરાત્રિના પાવન દિવસથી ભગવાન શિવની આરાધના કરવા માટે આજે હું આપને ૩૬ દિવસની સાધના આપી રહ્યો છું.

સૌપ્રથમ લાકડાનું એક બાજઠ લેવું. એના ઉપર સફેદ કલરનું વસ્ત્ર પાથરવું. ત્યારબાદ એક મુઠ્ઠી સફેદ તલની ઢગલી કરવી અને બીલીપત્રના સાત પાન લઈ એક ઉપર એક થપ્પી કરીને મુકવા. ત્યારબાદ નીચે આપેલ ૐ શ્રી મહાશિવરાત્રિ શિવાન્ય પ્રાગટ્ય ચક્રનું કટીંગ કરીને લેમીનેશન કરાવી દેવું અને તેને પણ સ્થાપનમાં મુકવું.ત્યારબાદ સાધના કરતી વખતે એક વાડકી જળ લેવું અને નીચે આપેલ મંત્ર ૧૮ વખત કરી અને એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસા કરીને તે અભિમંત્રિત થયેલ જળ પી જવું. આ જળ ઘરના બીજા સભ્યોને પણ પ્રસાદ રૂપે આપી શકાય.

| | | |
|---|---|---|
| સાધના કેટલા દિવસ કરવી? | : | આ સાધના ૩૬ દિવસ કરવી. વચ્ચે કોઈ કારણસર દિવસ પડે તો ચિંતા ન કરતા કુલ ૩૬ દિવસ ગણીને સાધના કરવી. |
| સાધના કરવાનો સમય | : | આખા દિવસમાં ગમે ત્યારે કરી શકાય. |
| સ્થાપન કરવાનો સમય | : | મહાશિવરાત્રિના દિવસે સવારે ૭ થી ૧૨ માં સ્થાપન કરવું. |
| કયા કલરનું વસ્ત્ર પહેરવું? | : | કોઈપણ કલરનું વસ્ત્ર પહેરીને આ સાધના કરી શકાય. |

**સાધના પૂર્ણ થયા બાદ સ્થાપનમાં મુકેલી વસ્તુઓ ચક્ર સાથે નદીમાં વિસર્જિત કરી દેવી.**

**મંત્ર : ॥ ૐ શિવાન્ય શિવાન્ય પ્રાગટ્ય નમઃ ॥**

## ૐ શ્રી મહાશિવરાત્રિ શિવાન્ય પ્રાગટ્ય ચક્ર





# વસંતપંચમીનો પવિત્ર દિવસ એટલે

## “ૐઋષિના સાત જન્મોના તપસાધનાના ફળ સ્વરૂપ ૐઋષિ દ્વારા અપાયેલ ૐકાર સંકલ્પ સિદ્ધિ વ્રત” “વસંતપંચમી એટલે ૐકાર સંકલ્પ સિદ્ધિ વ્રતની સ્થાપનાનો શુભ દિવસ”

મારું નામ સુકેતુ ઈન્દ્રવદન પટેલ છે. હું છેલ્લા ૩૦ વર્ષથી ન્યૂયોર્ક (અમેરિકા)માં વસવાટ કરું છું. છેલ્લા ચાર વર્ષથી મારી મોટેલના બીઝનેસમાં અચાનક તકલીફો આવવાની શરૂ થઇ હતી. મારી મોટેલ ચાલતી ન હતી અને હું ચારેબાજુથી ઘેરાયેલો હતો. વર્ષોની મહેનત પાણીમાં જાય અને હું રસ્તા ઉપર આવી જઉં એવા સંજોગો ઊભા થયા હતાં.

અમેરિકામાં જ મારા એક મિત્ર દિનેશભાઈ પટેલ જે લોસ એન્જેલસમાં રહે છે. એમણે મને ૐકાર ચાલીસા આપી અને ૐકાર સંકલ્પ સિદ્ધિ વ્રત કરવાનું કહ્યું. હું પોતે ચારેબાજુથી એટલો ઘેરાયેલો હતો કે મેં મારા મિત્રોના શબ્દો પર વિશ્વાસ રાખી રોજ ત્રણ ૐકાર ચાલીસાનો પાઠ અને ૐકાર સંકલ્પસિદ્ધિ વ્રત ગુરૂવારના દિવસથી શરૂ કરી દીધું.

હવે જે વાત હું આપને કહી રહ્યો છું એ વાતને આપ ચમત્કાર ગણો કે પછી કાગનું બેસવું અને ડાળનું પડવું ગણો અથવા તો મારા માતા-પિતાના આશીર્વાદ ગણો, પરંતુ હું તો મારા જીવનમાં બનેલી આ ઘટનાને માત્ર ને માત્ર ચમત્કાર જ ગણું છું.

વાત એમ બની હતી કે ગુરૂવારના દિવસથી મેં ૐકાર સંકલ્પસિદ્ધિ વ્રતની શરૂઆત કરી. હું પરિશ્રમ અને કામ કરવામાં જ માનવાવાળો માણસ જે વ્રત કરે એના પહેલા જ દિવસે અમેરિકાની એક બેંકમાં લોન માટે મેં પ્રક્રિયા કરી હતી. આ પહેલા પણ મેં બે બેંકોમાં લોન માટે પ્રયત્નો કર્યા હતા, પરંતુ એ પ્રયત્નો નિષ્ફળ ગયા હતાં. માટે ત્રીજી બેંકમાંથી લોન માટે કોઈ સકારાત્મક પ્રતિસાદ આવે એવી આશા મેં સદંતર છોડી દીધી હતી. પરંતુ ૐકાર સંકલ્પસિદ્ધિ વ્રતના પહેલા જ દિવસે મેં માંગી હતી એટલી રકમની લોન બેંક આપવા માટે તૈયાર થઇ ગઈ. મારા અને મારા પરિવારના આનંદનો પાર ન રહ્યો. એ લોનના કારણે મને અને મારા પરિવારને જો સ્પષ્ટ શબ્દોમાં કહું તો જીવતદાન મળી ગયું. તમે નહીં માનો પરંતુ મેં શરાબનો સંપૂર્ણ ત્યાગ કરી દીધો અને આજીવન શરાબ નહીં પીવાની બાધા લીધી અને જ્યારે આ લેખ હું લખીને પરમ પૂજ્ય ગુરુજીના ચરણોમાં મોકલી રહ્યો છું ત્યાં સુધીમા હું ચાર વખત ૐકાર સંકલ્પ સિદ્ધિ વ્રત કરી ચૂક્યો છું. મારી સાથે મારી પત્ની મનોરમા અને પુત્ર કાર્તિક પણ આ વ્રત કરી ચૂક્યો છે. પરમ પૂજ્ય ગુરુજીના ચરણોમાં મારા સાષ્ટાંગ દંડવત પ્રણામ સાથે મારા ચમત્કારિક અનુભવને અહીં પૂર્ણ કરું છું.

લિ. સુકેતુ ઈન્દ્રવદન પટેલ, ન્યૂયોર્ક (અમેરિકા)

# "ૐઋષિનાં સાત જન્મોનાં તપસાધનાના ફળ સ્વરૂપ ૐઋષિ દ્વારા અપાયેલ ૐકાર સંકલ્પ સિદ્ધિ વ્રત"

પ.પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિના સાત જન્મોની તપ-સાધનાના ફળ સ્વરૂપ અને આજના ભીષણ કલિકાળ, કળિયુગમાં મનુષ્ય તેમના જીવનપથના આધિ-વ્યાધિ અને ઉપાધિમાંથી મુક્ત થઈ શકે અને સાથે-સાથે પોતાની ઈચ્છિત મનોકામનાની પ્રાપ્તિ કરી શકે તેવું દિવ્ય, ચમત્કારિક વ્રત એટલે "ૐકાર સંકલ્પ સિદ્ધિ વ્રત".

ૐકાર સંકલ્પ સિદ્ધિ વ્રતની સ્થાપનાનો દિવસ વસંતપંચમી એટલા માટે ગણવામાં આવે છે કે આ શુભ દિવસ એ પ.પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિનો પ્રાગટ્ય દિવસ છે. માટે વસંતપંચમીનો દિવસ ૐકાર સંકલ્પ સિદ્ધિ વ્રત તરીકે ઓળખાશે તેમજ વસંતપંચમી આ વ્રતની સ્થાપનાની મુખ્ય તિથિ ગણાય છે.

ૐકાર સંકલ્પ સિદ્ધિ વ્રતનો પ્રાદુર્ભાવ એવો છે કે પ્રણવબ્રહ્મ ૐકારના સાક્ષાત્કાર અને તેમના દ્વારા પરમાર્થ માટે જીવન સમર્પિત કરવાની આજ્ઞા મળી તે વખતે પૂ. ૐઋષિએ અંતરના ઊંડાણથી એવી પ્રાર્થના કરી કે, 'હે પ્રણવબ્રહ્મ, હે સૃષ્ટિકર્તા, હે નાદબ્રહ્મ ૐકાર આપ મને પરમાર્થ માટે એક એવી કુંજી આપો કે જેનાં પ્રયોગથી ઉચ્ચકોટિના સાધકથી માંડીને સામાન્ય કક્ષાના માનવી પણ ત્રિવિધ તાપોના કષ્ટમાંથી રાહત મેળવી અને ભૌતિક સુખ-સમૃદ્ધિની સાથે-સાથે આધ્યાત્મિક આનંદને પણ પ્રાપ્ત કરી શકે.'

નિર્મળ અને નિર્મોહી હૃદયથી ભરેલી આ શુદ્ધ પ્રાર્થનાના પ્રત્યુત્તરમાં પ્રણવબ્રહ્મ ૐકારે પૂ. ૐઋષિને 'ૐકાર ચાલીસા'નું સર્જન કરવાની પ્રેરણા અને દિવ્ય બળ પ્રદાન કર્યું. આ ૐકાર ચાલીસાના સર્જન દરમ્યાન પૂજ્ય ગુરુદેવ ૐઋષિને એવો સંકેત મળ્યો કે આ અદ્‌ભૂત અને અભૂતપૂર્વ ૐકાર ચાલીસાના પ્રાગટ્ય પછી શક્તિ એક ચોક્કસ બિંદુએ પહોંચશે ત્યારે સૃષ્ટિના પ્રારંભથી જ સદાકાળ ગૂંજતા અદ્‌ભૂત અને અમોઘ પ્રણવનાદ ૐકારની સહજ સાધના માટે દરેક યુગમાં પ્રવર્તમાન એવા એક અમોઘ અને દિવ્ય વ્રતનો આ વિશ્વને પરિચય થશે.

સૃષ્ટિના સર્જક-પાલક-સંહારક એવા બ્રહ્મા-વિષ્ણુ-મહેશ, ઈન્દ્રદેવ સહિત સર્વ દેવો, રૂદ્રગણો, દેવતાઓ, દૈવીશક્તિઓ, દીકપાલો, યક્ષો, કિન્નરો, ગાંધર્વો, અપ્સરાઓ, વિવિધ ગણો, મુનિઓ, ઋષિઓ, સિદ્ધેન્દ્રો, વિદ્યાધરો, પર્વતો, સૂર્ય-ચંદ્ર સહિત સર્વ ગ્રહો, તારાઓ, નક્ષત્રો, આકાશગંગાઓ અને અનેક બ્રહ્માંડોના આધિપતિઓ તેમજ તેમના દેવતાઓ પ્રણવબ્રહ્મ ૐકારની પ્રચંડ અને કલ્યાણકારી શક્તિઓને ઉજાગર કરનાર વ્રતનું મહત્ત્વ જાણે છે.

અદ્ભૂત અને અલૌકિક આનંદદાતા, પરમ સંતોષના પ્રદાતા, દરેક વ્રતોના સાર સમાન, નિરંતર સુખદાયક, પરમશાંતિ પ્રદાન કરનાર, અસીમ અને અનંત શક્તિ પ્રદાતા એવું ૐકાર સંકલ્પ સિદ્ધિવ્રત યુગો-યુગો સુધી આવનારી દરેક મનુષ્ય પ્રજાતિ કરતી રહે એ માટે આ વાત ઈન્દ્રલોકની એ દિવ્ય શક્તિએ ૐઋષિને કહી છે.

પરમ કલ્યાણકારી, મંગલકારી, મનોવાંછિત ફળ આપનાર, તમામ મનોરથોને સાકાર કરનાર, અસીમ વૈભવ-ઐશ્વર્ય પ્રદાન કરનાર, કર્જમુક્તિ અપાવનાર, દુઃખદાયી બંધનોની પીડામાંથી ઉગારનાર, ચિંતાઓનો નાશ કરી પરમ શાંતિ પ્રદાન કરનાર, પરમ શ્રેષ્ઠ સર્વપૂજય, તમામ સંકટોને હરનાર, હજારો અશ્વમેઘ અને સેંકડો વાજપેયી યજ્ઞોનું ફળ સ્વરૂપ, સિદ્ધિ-બુદ્ધિ પ્રદાયક પૂજ્ય સંતશ્રી સદ્ગુરુ ૐઋષિ દ્વારા સમગ્ર માનવજાતિના કલ્યાણ માટે આપવામાં આવેલ સંકલ્પસિદ્ધિ વ્રત જે કોઈપણ વ્યક્તિ શ્રદ્ધા-ભાવપૂર્વક કરશે તેમને ઈચ્છિત ફળની પ્રાપ્તિ ચોક્કસ અને નિશ્ચિતપણે થશે.

## ૐકાર સંકલ્પ સિદ્ધિ વ્રતની પ્રક્રિયા

(૧) ૐકાર સંકલ્પ સિદ્ધિ વ્રત નવ દિવસનું હોય છે અને તે કોઈપણ ગુરૂવારથી કરી શકાય છે.

તેમજ

આ વ્રતના સ્થાપનની મુખ્ય તિથિ વસંતપંચમીની છે. વસંતપંચમીનો દિવસ ૐકાર સંકલ્પ સિદ્ધિ વ્રત તરીકે ઓળખાશે. કારણ કે આ શુભદિવસ મંત્રયુગપરિવર્તક પ.પૂ. સંતશ્રી સદ્ગુરુ ૐઋષિનો પ્રાગટ્યદિન (જન્મદિવસ) છે.

(૨) સૌપ્રથમ લાકડાનાં પાટલા કે બાજઠ ઉપર કોઈપણ કલરનું શુદ્ધ કપડું પાથરવું. ત્યારબાદ તેના પર એક નાળિયેર (શ્રીફળ) નાડાછડી બાંધીને મુકવું. પછી કપડા ઉપર ત્રણ આખી સોપારી, એક મુઠ્ઠી ઘઉંની ઢગલી, એક મુઠ્ઠી ચોખાની ઢગલી, એક મુઠ્ઠી મગની ઢગલી અને એક મુઠ્ઠી વાલની ઢગલી કરવી. મગની ઢગલીમાં ૐકાર વિશ્વશાંતિ શક્તિચક્રનું સ્થાપન કરવું. આ સ્થાપન ઘરમાં કોઈપણ જગ્યાએ અથવા તો પૂજાના સ્થાનમાં કરવું. સ્થાપન કર્યા પછી નીચે આપેલ પ્રક્રિયા નવ દિવસ સુધી કરવી.

(૩) સવારે ૭ થી ૧૦ માં સ્થાપન સામે નીચે આપેલો મંત્ર ૨૭ વખત કરી ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો એકવાર પાઠ કરવો.

**મંત્ર : ।। ૐ દિવ્યમ્ દિવ્યમ્ મનોતા સિદ્ધિ સૂર્યમ્ સૂર્યમ્ નમઃ ।।**

(૪) દિવસમાં બીજી વખત સ્થાપન સામે સાંજના ૬ થી ૯ દરમિયાન ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો બે વખત પાઠ કરવો અને ૐઋષિ રચિત ૐકાર આરતી કરવી. આરતી સમયે કોઈપણ પ્રકારનો પ્રસાદ કરવો નહિ.

(૫) આ વ્રત દરમિયાન સવારે ભોજનમાં કોઈપણ બે વસ્તુ જ ગ્રહણ કરી શકો છો અને સાંજના ભોજનમાં કોઈપણ એક જ વસ્તુ ગ્રહણ કરવી.

(૬) વ્રત દરમિયાન ચા, કોફી અથવા દૂધ ઈચ્છો તેટલીવાર ગ્રહણ કરી શકો છો, એ સિવાય કોઈપણ પ્રકારનું પીણું પીવું નહી. પાણી ગમેતેટલી વખત પી શકાય છે.

(૭) આ વ્રત દરમિયાન રોજ આખા દિવસમાં ગમે તે સમયે અડધો કલાક મૌન પાળવાનું રહેશે.

(૮) નવમા દિવસે એટલે કે ગુરૂવાર થી ગુરૂવાર સ્થાપન રાખી અને શુક્રવારે રાતના ૬ થી ૯ માં બે વખત ૐઋષિ રચિત ૐકાર ચાલીસા અને ૐઋષિ રચિત ૐકાર આરતી કરી ઉત્થાપન કરવું.

(૯) ઘરમાં એક થી વધુ વ્યક્તિઓ વ્રત કરતા હોય ત્યારે દરેકનું વ્રત પૂર્ણ થાય તે પછી જ સ્થાપનનું ઉત્થાપન કરવાનું રહેશે.

(૧૦) ઘરમાં જેટલી વ્યક્તિ (એક જ રસોડે ભોજન લેતી) આ વ્રત કરે તે બધા માટે એક જ સ્થાપન કરવાનું રહેશે. સાંજના આરતી સમયે વ્રત કરનારાઓ સહુ એકસાથે હાજર રહે તે અતિઉત્તમ છે. પરંતુ કોઈ કારણસર વ્રત કરનાર જે વ્યક્તિ કે વ્યક્તિઓ હાજર ન હોય તો તે વ્યક્તિ કે વ્યક્તિઓ ૯ વાગ્યા સુધીમાં આરતી કરી લેવી અને આ માટે આરતીની થાળી નવી તૈયાર કરવી.

(૧૧) આ વ્રત દરમિયાન આપ જે નિયમિત પૂજા કરતા હો તે ચાલુ રાખવી.

(૧૨) આ વ્રત પુરૂષ, સ્ત્રી કે બાળકો પણ કરી શકે છે અને આ વ્રતના માધ્યમથી આપના ઈષ્ટદેવી અને કુળદેવતાની પ્રસન્નતા તમારાપર વધતી જશે તેમજ જો ઘરમાં વાસ્તુદોષ કે અન્ય કોઇ દોષ હશે તો તે દૂર થશે અને ખાસ તો આ વ્રત કરવાથી સાધકને મનોવાંછિત ફળની અચૂક પ્રાપ્તિ થશે.

(૧૩) વ્રત દરમિયાન કોઈપણ કારણસર દિવસ પડે તો ચિંતા નહીં કરતા કુલ નવ દિવસ ગણતરીમાં લેવા પરંતુ સ્થાપન કરવાનો દિવસ ગુરૂવાર જ રહેશે.

(૧૪) જે દવાઓ આપ નિયમિત લેતા હો તે આ વ્રત દરમિયાન પણ આપ લઈ શકો છો તેમજ દવા સ્વરૂપે કોઇ ખોરાક હોય તો તે પણ લઈ શકાય છે.

(૧૫) આ વ્રત પૂર્ણ થયા પછી ૐકાર સંપ્રદાય શક્તિપીઠ આશ્રમ પર આપનું નામ નોંધાવી દેવું. જેથી કરીને આ વ્રતની સામુહિક ઉજવણી થાય ત્યારે આપને એમાં અવશ્ય સ્થાન મળી શકે અને સામુહિક ઉજવણીના પ્રસંગે જે ફળશ્રુતિ મળે એ પુણ્યફળના આપ સહભાગી બની શકો.

(૧૬) સ્થાપનમાં મુકવાનું ૐકાર વિશ્વશાંતિ શકિતચક્ર, ૐકાર સંકલ્પ સિદ્ધિ વ્રતની માહિતી અને ૐષિ રચિત ૐકાર ચાલીસા ૐકાર સંપ્રદાય શક્તિપીઠ આશ્રમ અથવા તો તેના સેન્ટરો પરથી નિઃશુલ્ક મેળવી શકો છો.

(૧૭) પૂજ્ય ૐઋષિનો સંકલ્પ છે કે દુનિયાનાં દરેક મનુષ્યને પોતાની પીડા અને તકલીફોને દૂર કરવા માટે ગમે ત્યાં દોડતું રહેવું ના પડે અને ઘરે બેઠા ૐકાર સંકલ્પ સિદ્ધિ વ્રતનાં માધ્યમથી પોતાની પીડા અને તકલીફો દૂર કરી શકે.

(૧૮) ૐકાર સંકલ્પ સિદ્ધિ વ્રતથી આપનું કલ્યાણ થાય અને સુખ સમૃદ્ધિમાં વધારો થાય તો આ વ્રત બીજા મનુષ્યોને કરવા માટે પ્રેરિત કરી એમનું કલ્યાણ થાય એવું પુણ્યકાર્ય કરશો.... પૂજ્ય ૐઋષિના આપને આશીર્વાદ.

## ૐકાર આરતી

**ૐ જયશ્રી ૐકારા**
**ભજો જય જય ૐકારા**
**નાદબ્રહ્મ પરમેશ્વર (૨)**
**માને જગ સારા....ૐ જય શ્રી ૐકારા....**
**પ્રણવબ્રહ્મ પરમેશ્વર, સૃષ્ટિ કે કર્તા**
**ૐ સૃષ્ટિ કે કર્તા, જગપાલક સંહારક (૨)**
**તુમ પાલનકર્તા....જય શ્રી ૐકારા....**
**વિષય વિકાર મિટાવે, ત્રિવિધ તાપ હરે,**
**ૐ ત્રિવિધ તાપ હરે, સંકટ સર્વ નિવારે (૨)**
**સુખ સમૃદ્ધિ ભરે.....જય શ્રી ૐકારા**
**કર્મ- જ્ઞાન ભક્તિ કા, ૐ હી હૈ આધાર,**
**પ્રભુ ૐ હી હૈ આધાર, 'પ્રિત' બઢાયે 'ઈશ' મેં (૨)**
**ખોલે મુક્તિ દ્વાર....ૐ જય શ્રી ૐકારા....**

# ૐકાર સંકલ્પ સિદ્ધિ વ્રત

## ॐकार विश्वशांति शक्तिचक्र

ॐकार ध्यानचक्र

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| शक्ति | सुजा | स्वाहा | गौतम | मित्रानंद | सागर | ब्रह्मा | सुजिता |
| विवा | विहंर | सः | श्रीनांद | विनांद | अग्नि | सांई | त्रुना |
| विघनी | मंहि | ष्ट | परमात्मा | पुष्करा | रावि | नानक | वामा |
| पर्वत | तीर्थंकर | कुरु | | | राजि | अंबा | कपिता |
| कुंडली | परमात्मा | त्रणावी | | | त्रुपा | विध | लक्ष्मी |
| विवा | शीव | त्रणाती | वाकुवा | त्रिपा | अनुष्का | उपल | कर्मठ |
| नाद | शंकर | त्राजि | आर्ध शक्ति | वीका | वीन्धा | दत्तात्रेय | ॐकार |
| पार्श्व | पदमावती | पूजा | त्रुका | नावि | त्रीना | चामुंडा | विता |



ॐकार परब्रह्मा

ॐकार ओरा शक्ति

### ૐકારચક્ર

| | | | |
|---|---|---|---|
| ત્રી: | રા: | ૐ: | ૐ: |
| રા: | મિ: | ત્રી: | રા: |
| કી: | ૐ: | કા: | દી: |

### વ્રતચક્ર

| | | | |
|---|---|---|---|
| રા: | નિ: | વા: | દિ: |
| તા: | ની: | કી: | ત્રી: |
| રી: | જી: | પીં: | રા: |

### સંકલ્પચક્ર

| | | | |
|---|---|---|---|
| ९९ | ३३ | ५५ | ६६ |
| ११ | २२ | ८८ | ७७ |
| ३३ | ४४ | ९९ | ६६ |

### સિદ્ધિચક્ર

| | | | |
|---|---|---|---|
| १८ | ३७ | ३५ | ३१ |
| ७७ | २७ | ९ | १२ |
| ९ | ५ | ११ | १५ |

**॥ ૐ દિવ્યમ્ દિવ્યમ્ મનોતા સિદ્ધિ સૂર્યમ્ સૂર્યમ્ નમઃ ॥**

(સ્થાપન સામે આ મંત્ર સવારે ૭ થી ૧૦માં ૨૭ વખત કરી એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો)

**(આ કાર્ડ લેમિનેશન કરી સ્થાપનમાં મુકવું.)**

### अकस्मात निवारक यंत्र

| | | |
|---|---|---|
| वा | ३ | ५ |
| का | त्रा | ७ |
| जा | रा | ९ |

### लक्ष्मी कवच यंत्र

| | | |
|---|---|---|
| ત્રિ | વા | ક્રિ |
| લક્ષ્મી | રાવ | ક્રીમ |
| સ્થિર | કવચ | ત્રામ |

### कष्ट निवारक यंत्र

| | | |
|---|---|---|
| દા | વા | ત્રીત્રા |
| કાઃ | પીઃ | વીત્રા |
| ત્રાઃ | વીઃ | ત્રીજા |

### कार्य सिद्ध यंत्र

| | | |
|---|---|---|
| સૂ | વૂ | લા |
| ત્રુ | જા | વા |
| ક્રુમ | ક્રુમ | ક્રુમ |

## સ્થાપન કેવી રીતે કરવું તે જોવા માટે નો ફોટો




ૐકાર સંપ્રદાય શક્તિપીઠ આશ્રમ

**સેવા સમર્પણ ફાઉન્ડેશન**

ॐकार संप्रदाय™ ( एक आध्यात्मिक पथ )

Trust Reg. No. E/18590/Ahmedabad Under 80-G Tax Free (5313/09-10)
Trust Reg. No. 170 (b) (1) (A) (vi) Form 990 / 990-EZ /990-N-USA

૦૦૧, ગ્રાઉન્ડ ફ્લોર, આંગી ફ્લેટ, અન્નપૂર્ણા પાર્ટી પ્લોટ સામે,
નવા વિકાસ ગૃહ રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭, ગુજરાત.
(મો) ૯૩૭૬૩૩૪૨૮૯, ૯૪૨૯૨૦૮૯૯૭, ૮૭૫૮૯૯૯૨૯૭

# ચમત્કારિક ઉપાય

**પ્રોફેશનલ વ્યક્તિઓ માટે, છૂટક વસ્તુના વેપારી માટે, ઉત્પાદક માટે, જથ્થાબંધ માલના વેપારી માટે, નોકરિયાત માટે અને વિદ્યાર્થી માટે**

## પ્રોફેશનલ વ્યક્તિઓ માટે :

આ મહિના દરમિયાન લાલ કલરના કપડામાં ચોખાના ચાર દાણા અને ઘઉંના બે દાણા મુકી તેની પોટલી બનાવી જ્યારે કામ માટે કે ઓફિસ જાઓ ત્યારે ખિસ્સામાં રાખીને જવું અને એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરીને જવું. આ પ્રક્રિયાથી આપના કાર્યમાં વિઘ્ન આવશે નહિ અને કાર્ય સફળ થશે.

## છૂટક વસ્તુના વેપારી માટે :

રીટેલરનો ધંધો કરતા વ્યક્તિઓએ આ મહિને લીલા કલરના કપડામાં મગના ચાર દાણા અને ઘઉંના બે દાણા મુકી તેની પોટલી બનાવી દુકાનના કેશ કાઉન્ટરમાં મુકી રાખવું અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. જેનાથી આપના ધંધામાં ચમત્કારિક ફાયદો થશે.

## ઉત્પાદક માટે :

ઉત્પાદનના કાર્ય સાથે સંકળાયેલ વ્યક્તિઓએ આ મહિને વાદળી કલરના કપડામાં વાલના ચાર દાણા અને ઘઉંના બે દાણા મુકી તેની પોટલી બનાવી કેશ કાઉન્ટરમાં મુકી દેવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. આ પોટલી બદલવાની નથી. આખો મહિનો એ જ જગ્યાએ રાખવાની છે. જેનાથી આપના ઉત્પાદનનાં કાર્યમાં સફળતા મળશે અને ધંધામાં ચમત્કારિક પ્રગતિ થશે.

## જથ્થાબંધ માલના વેપારી માટે :

હોલસેલના ધંધા સાથે સંકળાયેલા વ્યક્તિઓએ આ મહિના દરમ્યાન સફેદ કલરના કપડામાં કઠોળના ચણાના ચાર દાણા અને ઘઉંના બે દાણા મુકી તેની પોટલી બનાવી દુકાનના કેશ કાઉન્ટરમાં અથવા તો પોતાના ખિસ્સામાં રાખવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. આમ આ પ્રક્રિયા નિયમિત કરવાથી આપના હોલસેલનાં ધંધામાં વધારો થશે.

## નોકરિયાત માટે :

નોકરી કરતા વ્યક્તિઓએ આસમાની કલરના કપડામાં ચોખાના છ દાણા અને ઘઉંના બે દાણા મુકી તેની પોટલી બનાવી જ્યારે નોકરીએ જાઓ ત્યારે એ પોતાની ઓફિસ બેગમાં અથવા ઓફિસના ખાનામાં રાખવું અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. મહિના સુધી આ જ પોટલી રાખવાની છે, રોજ નવી બનાવવાની નથી. આ પ્રક્રિયાથી નોકરીમાં આપના ઇચ્છિત કાર્યની સિદ્ધિ થશે.

## વિદ્યાર્થી માટે :

વિદ્યાર્થીઓએ સફેદ કલરનાં કપડામાં ચોખાના બે દાણા અને ઘઉંના બે દાણા મુકી તેની પોટલી બનાવી પોતાના ભણવાની બેગમાં અથવા તો દફતરમાં આ મહિના દરમ્યાન રાખી મુકવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. જેનાથી આપનું ભણવામાં ધ્યાન કેન્દ્રિત થશે અને સફળતાની પ્રાપ્તિ થશે.

ઉપર આપેલ પ્રક્રિયા દરેક જણે ૩૦ દિવસ સુધી નિયમિત કરવી. ૩૦ દિવસ પછી નવા અંકમાં નવી પ્રક્રિયા આપવામાં આવશે. પછી એ નવી પ્રક્રિયા ચાલુ કરવી અને જૂની પ્રક્રિયા બંધ કરી દેવી. આ રીતે બાર મહિના સુધી અલગ અલગ પ્રક્રિયા કરવાથી આપના કાર્યને વધુ ઝડપ મળશે તથા નામના, માન, કીર્તિ અને પ્રતિષ્ઠામાં વધારો થશે.

**: ખાસ નોંધ :**
જે પ્રક્રિયાથી આપને સફળતા મળે એ પ્રક્રિયા કાયમ ચાલુ રાખી શકાય અને જોડે નવી પ્રક્રિયા પણ કરી શકાય.

॥ ૐ નમઃ ॥

## મારી આર્થિક પ્રગતિએ મારું જીવન બદલ્યું

મારા જીવનમાં છેલ્લા દસ વર્ષથી હું ખૂબ જ સંઘર્ષ કરી રહ્યો હતો. પરંતુ કોઈપણ સફળતા મળી રહી ન હતી. વર્ષ-૨૦૧૯માં ગુરુજીએ યુટ્યુબમાં એમની સદ્‌ગુરૂ ૐઋષિ ચેનલમાંથી દર મહિનાનો મંત્રશક્તિપાત અને સિદ્ધપ્રયોગ તેમજ ૐકાર ચાલીસાનો પાઠ નિયમિતપણે કરવાનું કહ્યું. જેના પરિણામ સ્વરૂપ મને ધંધાની તક મળી અને દુબઇ જવા મળ્યું. દુબઈમાં મારું કામ ખૂબ જ સારી રીતે શરૂ થયું અને એક નોકરી કરતો નોકરિયાત બીઝનેસમેન બની ગયો. કોઈ માને કે માને પરંતુ હું એવું ચોક્કસ માનું છું કે આ ગુરુજીના આશીર્વાદથી જ શકય બન્યું છે, કારણકે એકમાત્ર ગુરુજી જ એવા હતાં જેમણે મને પૂરા આત્મવિશ્વાસથી એવું કહ્યું હતું કે તને જીવનમાં પૂર્ણ સફળતા મળી જશે અને ધંધાકીય રીતે તું સફળ થઇ જઇશ અને એમની વાત સો ટકા સત્ય સાબિત થઇ.

છેલ્લા બે વર્ષમાં હું આર્થિક રીતે એટલો સક્ષમ થયો છું કે છેલ્લા પંદર વર્ષમાં એવો એક પણ દિવસ મેં જોયો ન હતો અને આર્થિક તંગીમાંથી પસાર થઇ રહ્યો હતો. મારા સંપૂર્ણ પરિવારને હું અત્યારે આર્થિક રીતે સુખી કરી શક્યો છું એનો મને આનંદ છે. ગુરુજીના ચરણોમાં અમારા સાષ્ટાંગ દંડવત......

લી. હિતેશ દેસાઇ (દુબઇ)

આપ પણ આપના જીવનમાં આવી કોઈ સમસ્યાથી ઘેરાયેલા હોય તો યુટ્યુબમાં સદ્‌ગુરૂ ૐઋષિ ચેનલ પર ગુરુજી દ્વારા દર મહિનાનો આપવામાં આવતો મંત્રશક્તિપાત અને સિદ્ધપ્રયોગ અવશ્ય સાંભળો.

## માનસિક ભય દૂર થયો

મારો દીકરો ચિન્મય ૨૦૧૫થી જ્યારે એ ૧૬ વર્ષનો હતો ત્યારથી એના મનમાં ડર ઘુસી ગયો હતો. એ ડર એવો હતો કે એને એવું લાગતું હતું કે ઘરમાંથી એ જો બહાર નીકળશે તો એનો અકસ્માત થઇ જશે અથવા તો કોઈ એને મારી નાંખશે. આવા વિચિત્ર ભયથી એ ભયભીત થઈ ગયો હતો અને ઘરમાંથી બહાર નીકળતો ન હતો.



॥ ૐ નમઃ ॥

**સદ્‌ગુરુ ૐઋષિ અને ભક્ત અનુભવ**

હું અને મારા પતિ ૨૦૧૯માં પરમ પૂજ્ય ગુરુજીને મળ્યા હતાં અને ચાર વર્ષથી પીડાતા મારા દીકરાની માનસિક વ્યથા અમે એમને જણાવી હતી. પરમ પૂજ્ય ગુરુજીએ અમને મંત્ર અને ૐકાર ચાલીસા કરવા માટે આપ્યા. ધીમે-ધીમે મંત્ર અને ૐકાર ચાલીસાથી મારા દીકરાને ફરક પડવા લાગ્યો હતો અને ધીમે-ધીમે એનો ભય ઓછો થઇ રહ્યો હતો. એણે હિંમત કરીને ઘરમાંથી બહાર નીકળવાનું અને ભણવાનું પાછું શરૂ કર્યું. આજે ૨૦૨૨ માં હું આ અનુભવ લખીને આપું છું ત્યારે મને એ વાતનો આનંદ છે કે મારો દીકરો સંપૂર્ણપણે ભયમુક્ત થઇ ગયો છે. એટલું જ નહિ પરંતુ એ ભણવામાં પણ પાછો પૂરા આત્મવિશ્વાસથી જોડાઇ ગયો છે. જેનો અમને ખૂબ જ આનંદ છે. હું નિયમિત રીતે પરમ પૂજ્ય ગુરુજીના કહેવાથી ૐકાર ચાલીસા લેખન કરું છું. પરમ પૂજ્ય ગુરુજીના ચરણોમાં હજારોવાર કોટિ કોટિ વંદન....

લી. લીના પટેલ (મુંબઇ)

આપ પણ આપના જીવનમાં આવી કોઇ સમસ્યાથી ઘેરાયેલા હોય તો નીચે આપેલ મંત્ર ૩ વખત કરી ૐકાર ચાલીસાનો પાઠ એકવાર કરવો તેમજ ૐકાર ચાલીસા લેખન અવશ્ય કરવું.

**: મંત્ર :**

**|| ૐ પ્રશાવીતા પ્રશાવીતા વલ્લમ નમઃ ||**

## ૐકાર ચાલીસા લેખનથી ચમત્કાર થયો

ૐ નમ :... પરમ પૂજ્ય ગુરુદેવને મારા કોટિ કોટિ નમન... હું જ્યારથી ગુરુજીના ચરણમાં ગઇ છું ત્યારથી મારું સંપૂર્ણ જીવન બદલાઇ ગયું છે. પરમ પૂજ્ય ગુરુજીના આશીર્વાદ થકી મારા અગણિત કામ થયા છે. પરમ પૂજ્ય ગુરુજીએ મારા જીવનના અશક્ય કાર્યને શક્ય બનાવ્યા છે. મને એમનામાં પૂર્ણ આસ્થા અને શ્રદ્ધા છે. પરમ પૂજ્ય ગુરુજી દ્વારા યુ-ટ્યુબ ચેનલ સદ્‌ગુરુ ૐઋષિ પર આપવામાં આવતા મંત્રશક્તિપાત, સટિક પ્રયોગો તેમજ નિયમિત રીતે ૐકાર ચાલીસા લેખન અને પઠન હું કરું છું અને ૐકાર ચાલીસા સાંભળું છું. **પરમ પૂજ્ય ગુરુજીએ આપેલા દિવ્ય મંત્ર બ્રહ્મમુહૂર્ત ૪ થી ૬માં જે ઈન્દ્રદેવના મંત્રો છે એ પણ રોજ સવારે હું કરું છુ.**મારો પૂર્ણ વિશ્વાસ છે કે મારા જીવનમાં ગુરુજી હંમેશા એમના આશિષ અને ૐકાર ચાલીસાના રૂપે મારા ઉદ્ધારક બનતા જ રહેશે. સદગુરુ ૐઋષિના ચરણોમાં કોટિ કોટિ વંદન...

લી. આપની પરમ ભક્ત

આપ પણ આપના જીવનનો કાયાકલ્પ કરવા ઈચ્છતા હોય તો ૐકાર ચાલીસા લેખન અને પઠન નિત્ય કરો તેમજ યુટ્યુબમાં સદ્‌ગુરૂ ૐઋષિ ચેનલ પર ગુરુજી દ્વારા આપવામાં આવતા મંત્રશક્તિપાત અને સિદ્ધપ્રયોગ અવશ્ય સાંભળો.

## લીફ્ટમાંથી અમારો આબાદ બચાવ થયો

અમે અમદાવાદના એક મીનીપ્લેક્સ થીયેટરમાં મુવી જોવા માટે ગયા હતાં. અમે લીફ્ટમા પ્રવેશ્યા અને લીફ્ટ અડધેથી ઊભી રહી ગઈ. મુવીના છેલ્લા શોમાં ગયા હોવાના કારણે અમારા લીફ્ટમાં દાખલ થયા બાદ કોઈ હતું નહિ. લીફ્ટ ઊભી રહી ગઈ અને મને ગભરામણ થવા લાગી અને મેં મનમાં ૐકાર ચાલીસા શરૂ કરી. હજી અડધી ૐકાર ચાલીસા થઈ હશે ને લીફ્ટનો દરવાજો અમે બધાંએ મળીને ખોલવાનો પ્રયત્ન કર્યો અને દરવાજો ખુલી ગયો. અમે દરવાજો ખોલી અને મદદ માટેની બૂમ પાડી. સિક્યોરીટી ગાર્ડ તરત દોડતા આવ્યા અને અમે લીફ્ટમાં રહેલા છ જણને આબાદ બચાવી લીધા.

આવું તો ઘણીબધી વાર ઘણાંબધાંને થતું હશે, પરંતુ મને લીફ્ટનો ભયંકર ફોબીઆ છે. એટલે પાંચ મિનિટ પણ મારા માટે પચાસ જન્મ જેવી પસાર થઈ હતી. જેને લીફ્ટનો ફોબીઆ ના હોય એને કદાચ આ સામાન્ય બાબત લાગે, પરંતુ જે લોકોને લીફ્ટનો ફોબીઆ હશે એ લોકો મેં અનુભવેલી વ્યથા સમજી શકશે. એ દિવસે ૐકાર ચાલીસાથી જ અમારો બચાવ થયો. જો હજી વધારે પાંચ મિનિટ લીફ્ટ બંધ રહી હોત તો હું ચોક્કસ વધારે પીડામાં આવી ગઈ હોત. જીવનમાં નાની નાની પીડા પણ ઘણીવાર મોટો આઘાત આપીને જાય છે, પરંતુ ૐકાર ચાલીસાનો પાઠ મારા જીવનમાં અનેકવાર ઉપયોગી બન્યો છે. ગુરુજીના આશીર્વાદ મારા પર આવી જ રીતે રહે એવી એમના ચરણોમાં પ્રાર્થના સાથે કોટિ કોટિ પ્રણામ...


લી. એક ભક્ત, અમદાવાદ

આપના જીવનમાં પણ આવી કોઈ સમસ્યા આવે તો ૐકાર ચાલીસાનો પાઠ અવશ્ય કરો. જેનાથી આપ આવી કોઈ સમસ્યાથી ઘેરાયેલા હશો તો એમાંથી અવશ્ય મુક્ત થઈ જશો.

# ૐકારના દિવ્ય ચૈતન્યને જાગૃત કરી મોક્ષનું પથદર્શક બનનાર

પવિત્ર-પૂર્ય (પુસ્તક)

## "ૐ" એક મહામંત્ર




**ખાસ નોંધ :**

(૧) મોક્ષના પથ પર ચાલનાર દરેક પ્રવાસીએ આ પુસ્તકને અવશ્ય વસાવી, મોક્ષના પથ ઉપર આગળ વધવાની ઇચ્છાને આ પુસ્તક સાર્થક કરશે.

(૨) આ પુસ્તકની ખૂબ જ મર્યાદિત પ્રતો છાપવામાં આવેલી હોવાથી જેમણે આ પુસ્તક મેળવેલ ના હોય તેમણે અવશ્ય મેળવી લેવું.

(૩) ઘણાં બધા ભક્તજનો આ પુસ્તકમાં કાયમી દાતા તરીકે પોતાનું નામ લખાવવાની ઇચ્છા હોવા છતાં નામ નોંધાવી શક્યા નથી એ દરેક ભક્તજનોએ આ પુસ્તકની બીજી આવૃત્તિ પ્રગટ થતા પહેલા કાયમી દાતા તરીકે પોતાનું નામ સુનિશ્ચિત કરી લેવું.

– લી. ૐકાર સેવાદળ


સંપર્કસૂત્ર

**ૐકાર સંપ્રદાય શક્તિપીઠ આશ્રમ**

**સેવા સમર્પણ ફાઉન્ડેશન**

Trust Reg. No. E/18590/Ahmedabad Under 80-G Tax Free (5513/09-10)

૦૦૧, ગ્રાઉન્ડ ફ્લોર, આંગી એપાર્ટમેન્ટ, અન્નપૂર્ણા પાર્ટી પ્લોટ સામે,

નવા વિકાસગૃહ રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭, ગુજરાત.

Emal ID : omkarsampraday@gmail.com / Emal ID : info@sadguruomrushi.org

Website : www.sadguruomrushi.org

(મો) ૯૪૨૯૨૦૮૯૯૭, ૮૭૫૮૯૯૯૨૯૭, ૯૩૭૬૩૩૪૨૮૯

## સદ્‌ગુરુ ૐઋષિ અને મંત્રદર્શન



# સદ્‌ગુરુ ૐઋષિના પ્રાગટ્ય દિવસ ૮-૨-૨૦૨૩ થી એક વર્ષ સુધી કરવા માટે ચમત્કારિક મંત્રદર્શન

**મંત્રઃ || ૐ ૐમેશ્વર સિદ્ધમ્ સિદ્ધમ્ રક્ષામિ નમઃ ||**

### ૐકાર સદ્‌ગુરુ ૐઋષિ આશિષ ચક્ર

| | | |
|---|---|---|
| ‖ प्रः ‖ | ‖ त्रः ‖ | ‖ वः ‖ |
| ‖ व्रः ‖ | ‖ रः ‖ | ‖ जः ‖ |
| ‖ क्रः ‖ | ‖ नः ‖ | ‖ बः ‖ |

### ૐકાર સદ્‌ગુરુ ૐઋષિ ઊર્જા ચક્ર

| | | |
|---|---|---|
| ‖ ॐ प्रजकः ‖ | ‖ ॐ राजकः ‖ | ‖ ॐ त्रीवाः ‖ |
| ‖ ॐ वजकः ‖ | ‖ ॐ वाजकः ‖ | ‖ ॐ रीवाः ‖ |
| ‖ ॐ दिजकः ‖ | ‖ ॐ साजकः ‖ | ‖ ॐ वीवाः ‖ |

### ૐકાર સદ્‌ગુરુ ૐઋષિ શક્તિચક્ર



(અહીં આપના જમણા હાથનો અંગૂઠો મુકવો)

સૌપ્રથમ આ પેજને કાપીને લેમીનેશન કરાવી દેવું. ત્યારબાદ ઉપર આપેલા અંગૂઠાના નિશાન ઉપર આપના જમણા હાથનો અંગૂઠો મુકી ઉપર આપેલ મંત્ર ૩ વખત કરી એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. આ સાધના ૮-૨-૨૦૨૩ થી એક વર્ષ સુધી કરવી.



|| ૐ નમઃ ||

## સદ્‌ગુરૂ ૐઋષિ અને દિવ્ય કળશ

## સફળતાના શિખરો
## સર કરવા નીચેનો પ્રયોગ અચૂક કરો.



# દિવ્ય શક્તિ સિદ્ધ કળશ

ઉપર દર્શાવેલ સર્વતાસિદ્ધ ઉદ્‌વાગ (કળશ) જે સિદ્ધ જડીબુટ્ટીઓ અને વસ્તુઓથી સજ્જ કરવામાં આવેલ છે. આ કળશનો કોઈ પણ મનોકામનાની પૂર્તિ માટે આપ ઉપયોગ કરી શકો છો. આ મંત્રશક્તિવાળો ઉદ્‌વાગ (કળશ) આપે કોઈ પણ જગ્યાએ જમીનમાં દાટી દેવો. ઉદ્‌વાગ (કળશ) એક વાર દાટી દીધા પછી ક્યારેય બહાર કાઢવો નહિ. કાયમ માટે દાટેલો જ રાખવાનો છે. જેનાથી આપ આ નવા વર્ષમાં સફળતાના શિખર અચૂક સર કરી શકશો. આ મંત્રસિદ્ધ ઉદ્‌વાગ (કળશ) આપ પ્રાપ્ત કરવા ઈચ્છતા હો તો આશ્રમ પરથી ઉપલબ્ધ થઈ શકશે.

નકરો રૂા.૬૫૧/- (છસ્સો એકાવન રૂપિયા) રાખેલ છે. જે દિવ્યાંગોના સેવાકાર્યમાં ઉપયોગમાં લેવામાં આવશે.

## સદ્‌ગુરુ ૐઋષિ અને દિવ્ય ઉપાય

## સદ્‌ગુરુ ૐઋષિના પ્રાગટ્ય દિન(૮-૨-૨૦૨૩ થી ૮-૨-૨૦૨૪ સુધી) થી મનોકામનાપૂર્તિ માટે

### ૐકાર શ્રી મનોકામના વરદાન ચક્ર

| | | | | |
|---|---|---|---|---|
| ‖ ૐ वरदायिनी: ‖ | ‖ ૐ मोहिनी: ‖ | ‖ ૐ शुभाशीनी: ‖ | ‖ ૐ रादीत्यानी: ‖ | ‖ ૐ वीदात्यानी: ‖ |
| ‖ ૐ सर्वत्यानी: ‖ | ‖ ૐ लक्ष्मीत्यानी: ‖ | ‖ ૐ विजयत्यानी: ‖ | ‖ ૐ प्रवीत्यानी: ‖ | ‖ ૐ सूर्यतानी: ‖ |
| ‖ ૐ गुरुत्यानी: ‖ | ‖ ૐ वजत्यानी: ‖ |  | ‖ ૐ प्रजत्यानी: ‖ | ‖ ૐ सावित्यानी: ‖ |
| ‖ ૐ भ्रमीकतानी: ‖ | ‖ ૐ मंगलतानी: ‖ | ‖ ૐ शुक्रतानी: ‖ | ‖ ૐ प्रभीकतानी: ‖ | ‖ ૐ नानीकतानी: ‖ |
| ‖ ૐ दुर्वातानी: ‖ | ‖ ૐ कुबेरतानी: ‖ | ‖ ૐ कार्यतानी: ‖ | ‖ ૐ केतुतानी: ‖ | ‖ ૐ दाव्यतानी: ‖ |

ઉપર આપેલ ૐકાર શ્રી મનોકામના વરદાન ચક્રનું કટીંગ કરી લેમીનેશન કરી લેવું.
તારીખ : ૮-૨-૨૦૨૩ થી તારીખ : ૮-૨-૨૦૨૪ સુધી રોજ ૨૦ સેકન્ડ સુધી આ ચક્રને જોવું.

‖ ૐ નમઃ ‖

# સૂર્યવિદન્ત્યદેવની કથા ભાગ-૪૬




સુદત્ય યક્ષના મનમાં ઊભો થયેલો સવાલ એને ખૂબ જ વિચારતો કરી મુક્યો હતો. એ સવાલનો જવાબ એ સૂર્યવિદન્ત્યદેવને પૂછવાની હિંમત કરી શક્યો ન હતો. પરંતુ આ સવાલનો સ્પષ્ટ જવાબ આપી શકે એવા એક દેવતા શ્રી વિશ્વકર્માદેવ સાથે એના ખૂબ સારા સંબંધો હતાં.

સૂર્યવિદન્ત્યદેવના મહેલમાંથી બહાર નીકળતા જ મનોમન નક્કી કરી એ વિશ્વકર્મા દેવને મળવાનું મન મનાવી ચૂક્યો હતો.

સુદત્ય યક્ષ વિશ્વકર્માદેવના મહેલના દ્વાર પાસે પહોંચ્યો. (આપની સમજૂતી માટે વિશ્વકર્મા દેવનો મહેલ અને શ્રી સૂર્યવિદન્ત્યદેવના મહેલ વચ્ચે અમદાવાદથી રાજકોટ સુધીનું અંતર છે. જે પુષ્પક વિમાનના માધ્યમથી અહીંની પાંચ મિનિટમાં પૂરું થાય.)

"મારું નામ સુદત્ય યક્ષ છે અને હું સૂર્યવિદન્ત્યદેવનો યક્ષ છું. હું વિશ્વકર્માદેવને મળવા માંગું છું." સુદત્ય યક્ષે દ્વારપાળને પોતાની ઓળખાણ આપતા કહ્યું હતું.

દ્વારપાળ મહેલમાં અંદર પ્રવેશ્યો અને થોડીવારમાં સુદત્ય યક્ષને વિશ્વકર્મા દેવના મહેલમાં આવેલા એમના દરબાર કક્ષમાં લઈ ગયો હતો. વિશ્વકર્માદેવ, રાજસ્વદેવ અને મનત્યદેવ સાથે બેસી એમના રાજમહેલના નિર્માણ હેતુ ચર્ચા કરી રહ્યા હતાં. એ વખતે દરબારમાં પ્રવેશેલા સુદત્ય યક્ષ ઉપર એમની નજર પડી.

"આજે સૂર્યવિદન્ત્યદેવનો યક્ષ મને મળવા આવ્યો છે. મને લાગે છે કે ચોક્કસ સૂર્યવિદન્ત્ય દેવનો નવો મહેલ બનાવવાનો સંદેશો લઈને આવ્યો હશે." વિશ્વકર્માદેવે હસતા હસતા સુદત્ય યક્ષ તરફ જોયું અને સ્થાન ગ્રહણ કરવા માટે કહ્યું હતું.

"હે વિશ્વકર્માદેવ, હું આવો કોઈ સંદેશો લઈને આવ્યો નથી. હું તો મારા મનમાં ઊભા થયેલા એક પ્રશ્નના સમાધાન માટે આવ્યો છું." સુદત્ય યક્ષે વિશ્વકર્માદેવ સામે જોઈ કહ્યું હતું.

"પ્રશ્ન? કેવો પ્રશ્ન?" વિશ્વકર્માદેવે સુદત્ય યક્ષને થોડાં આશ્ચર્યચકિત થઈ પૂછ્યું હતું.

"ભગવાન શ્રી વિષ્ણુએ ધરતીલોક કેમ બનાવ્યું? એની પાછળનું રહસ્ય મારે જાણવું છે." સુદત્ય યક્ષે એના મનમાં ઉપસ્થિત થયેલો સવાલ વિશ્વકર્માદેવને સીધો જ પૂછી લીધો હતો.

સુદત્ય યક્ષનો સવાલ સાંભળી વિશ્વકર્માદેવ અને રાજસ્વદેવ બંન્ને આશ્ચર્યચકિત થઇ ગયા અને એકબીજા સામે જોવા લાગ્યા હતાં.

"સુદત્ય યક્ષ એક યક્ષ થઇને આવો સવાલ તારા મનમાં આવવો ના જોઇએ અને આવે તો તારે પૂછવો ના જોઇએ. કારણકે, આપણું કાર્ય બ્રહ્માજીએ અને ભગવાન શ્રી વિષ્ણુએ બનાવેલી ધરતી લોકનું અને મનુષ્યજાતિનું રક્ષણ કરવાનું છે. છતાં પણ તારા સવાલનો જવાબ ના આપી હું તને નિરાશ નથી કરવા માંગતો." આટલું બોલી તેઓ પોતાના સિંહાસન ઉપરથી ઊભા થયા હતાં.

"બ્રહ્માંડ આખુંય ઉબડખાબડ પત્થરોનો એક અતિવિશાળ જગ્યાઓનો સમૂહ હતો. એની નીચે એક ધગધગતો લાવા વહેતો હતો. એક દિવસ અચાનક પ્રલય આવ્યો અને બ્રહ્માંડમાં ખૂબ જ મોટા વિસ્ફોટો થવા લાગ્યા અને એમાંથી સફેદ પ્રવાહી ખૂબ વિપુલ જથ્થામાં બહાર નીકળવા લાગ્યું. આ સફેદ પ્રવાહીમાંથી સૌપ્રથમ બ્રહ્માજીની ઉત્પત્તિ થઇ. ત્યારબાદ ભગવાન શ્રી શંકર પ્રગટ થયા. તદ્પશ્ચાત્ શ્રી વિષ્ણુનું પ્રાગટ્ય થયું. એમના પ્રગટ થયાના થોડાં સમય બાદ આ પ્રવાહીમાંથી દેવતાઓ પ્રગટ થયા. ત્યારબાદ યક્ષ-યક્ષિણી, દાસ અને દાસીઓ પણ જન્મ્યા. જે ઈન્દ્રલોકમાં વસવાટ કરે છે. બ્રહ્માજીએ પોતાના નિવાસ માટે બ્રહ્મલોકની સ્થાપના કરી. ભગવાન શ્રી શિવે શિવલોકની સ્થાપના કરી અને ભગવાન શ્રી વિષ્ણુએ વિષ્ણુલોકની સ્થાપના કરી. ત્યારબાદ આ ત્રિદેવ પોતપોતાના લોકમાં નિવાસ કરવા લાગ્યા." આટલું બોલી વિશ્વકર્માદેવ પાછા સિંહાસન પર બેઠાં હતાં અને વાત આગળ ચલાવી હતી.

"આટલી બધી દિવ્ય શક્તિઓ ઉત્પન્ન થયા બાદ પણ ખૂબ વિપુલ જથ્થામાં સફેદ પ્રવાહી પડી રહ્યું હતું અને બગડવા લાગ્યું હતું. બગડેલા જથ્થામાંથી રાક્ષસોની ઉત્પત્તિ થવા લાગી હતી. સફેદ પ્રવાહીનો વિપુલ જથ્થો બગડીને રાક્ષસોની ઉત્પત્તિ ના કરે માટે ભગવાન શ્રી વિષ્ણુએ એમાંથી માણસો બનાવી અને પૃથ્વીલોકની એટલે કે ધરતી લોકની સ્થાપના કરી અને મનુષ્યનો વસવાટ ધરતીલોક ઉપર શરૂ થયો. મનુષ્ય એ પ્રવાહીમાંથી જો ના બનાવ્યા હોત તો એ બધું પ્રવાહી ધીરે-ધીરે બગડી જાત અને રાક્ષસોની ઉત્પત્તિ થયા જ કરત. આજે રાક્ષસલોકમાં દેવતાઓ કરતા બમણા રાક્ષસોની સંખ્યા છે. માત્ર થોડા દિવસ માં જ આખી રાક્ષસ પ્રજાતિ ઊભી થઇ ગઇ.

માટે મનુષ્ય બનાવ્યા વગર કોઇ વિકલ્પ બાકી બચ્યો ન હતો અને આ બધું જ મેં મારી નજરોનજર મારી ઉત્પત્તિ બાદ જોયું છે. માટે સુદત્ય યક્ષ હવે તું જાણી ગયો હોઇશ કે પૃથ્વીલોક બનાવવા પાછળનું કારણ ભગવાન શ્રી વિષ્ણુનું કયું હતું.'' વિશ્વકર્માદેવે સુદત્ય યક્ષ સામે જોઇ કહ્યું હતું.

''હા, હું સમજી તો ગયો, દેવ. પરંતુ હજી મારા મનમાં એક પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે રાક્ષસોના ડરથી મનુષ્યનું સર્જન થયું છે?'' સુદત્ય યક્ષે પૂછેલો પ્રશ્ન રાજસ્વદેવને ગમ્યો નહિ પરંતુ એ શાંત રહ્યા હતાં.

''ના, સુદત્ય, એવું નથી. જો મનુષ્ય ના પણ બનાવ્યા હોત તો પણ રાક્ષસો અત્યારે છે એના કરતા ડબલ ઉત્પન્ન થાત. પરંતુ પછી જે સફેદ પ્રવાહી પડ્યું રહેત એ દિન-પ્રતિદિન ખરાબ થઇને અર્થવિહીન બની જાત અને માટે જ મનુષ્ય બનાવવાનો માર્ગ પસંદ કરવામાં આવ્યો હતો.'' વિશ્વકર્માદેવે સુદત્ય યક્ષને જણાવતા કહ્યું હતું.

''આપની પાસેથી મળેલી માહિતીથી હું સંતુષ્ટ થયો છું અને મને ઘણી બાબત જાણવા મળી છે. આપનો ખૂબ ખૂબ આભાર, દેવ.'' આટલું બોલી સુદત્ય યક્ષ વિશ્વકર્મા દેવના મહેલમાંથી બહાર નીકળ્યો હતો.

## ક્રમશ:

**આપ પણ દેવતાઓની ઉત્પત્તિની ઊર્જા આપની ઓરામાં સમાવિષ્ટ કરવા ઇચ્છતા હોય તો નીચે આપેલો શ્લોક ૩(ત્રણ) વખત કરવો. જેનાથી આપની ઓરા દિવ્ય તેજોમય બનશે. આ શ્લોક ત્રણ મહિનાની અંદર ૧૮ હજાર વખત કરી સિદ્ધ કરવો અને આપની ઓરા દિવ્ય તેજોમય બને તથા દેવતાઓની ઉત્પત્તિની ઊર્જા આપના ઓરામાં સમાવિષ્ટ થાય એ માટે પ્રાર્થના કરવી.**

### : શ્લોક :

**|| ૐ ત્રસ્ય ત્રસ્ય ઊર્જાસુ સૂર્યવિદન્ત્યદેવ,**
**શક્તિમ્ ત્રસ્ય ત્રસ્ય ઊર્જાસુ સૂર્યવિદન્ત્યદેવ ||**

ઇન્દ્રલોકના દેવ સૂર્યવિદન્ત્યદેવની આ સત્ય કથા આપ સૌ વાચકમિત્રોને કેવી લાગી રહી છે એ જાણવા અમે આતુર છીએ માટે આપનો પ્રતિભાવ વોટ્સએપ અથવા પત્ર દ્વારા લખી મોકલશો.

(મો) ૭૪૮૬૮૦૭૭૧૯

લી.
ૐકાર સેવાદળ



|| ૐ નમ: ||

# જાહેર આમંત્રણ



પ.પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામી

## “દર્શન માત્ર સે મિટે કષ્ટ”

મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ.પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામીના
ૐકારની દિવ્યકૃપા અને મંત્રથી તેજોમય

# પૂનમ મહાદર્શન

**શુભ તારીખ**

૫ ફેબ્રુઆરી ૨૦૨૩ - રવિવાર

**શુભ સમય**

સવારે ૧૦:૦૦ થી બપોરે ૨:૦૦ કલાક સુધી

**શુભ સ્થળ**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ, શ્રી કચ્છી જૈન ભવન,
એલીસબ્રીજ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૬.

ચાલો આપણે પણ ૐકારની દિવ્ય કૃપા અને પ.પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામીના મંત્રથી તેજોમય ઊર્જાયુક્ત આશીર્વાદનો લાભ લઈને જીવનને ધન્ય બનાવીએ....

**સંપર્કસૂત્ર**

ૐકાર સંપ્રદાય શક્તિપીઠ આશ્રમ
સેવા સમર્પણ ફાઉન્ડેશન
(Trust Reg. No. E/18590/Ahmedabad Under 80-G Tax Free 5313/09-10)
ૐકાર ફાઉન્ડેશન ટ્રસ્ટ
(Trust Reg. No. E/20646/Ahmedabad)
૦૦૧, ગ્રાઉન્ડ ફ્લોર, આંગી ફ્લેટ, અન્નપૂર્ણા પાર્ટી પ્લોટ સામે, નવા વિકાસગૃહ રોડ,
પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭.
(મો) ૯૪૨૯૨૦૮૯૯૭, ૮૭૫૮૯૯૯૨૯૭, ૯૩૭૬૩૩૪૨૮૯

|| ૐ નમઃ ||

# જાહેર આમંત્રણ



પ.પૂ. સંતશ્રી સદ્ગુરુ ૐઋષિ સ્વામી

“દર્શન માત્ર સે મિટે કષ્ટ”

મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ.પૂ. સંતશ્રી સદ્ગુરુ ૐઋષિ સ્વામીના
પ્રાગટ્ય દિવસ (જન્મ દિવસ) પર
ૐકારની દિવ્યકૃપા અને મંત્રથી તેજોમય

## મહાદર્શન સમાગમ

**શુભ તારીખ**

૮ ફેબ્રુઆરી, ૨૦૨૩ - બુધવાર

**શુભ સમય**

સાંજે ૫:૦૦ થી રાત્રે ૮:૦૦ કલાક સુધી

**શુભ સ્થળ**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ, શ્રી કચ્છી જૈન ભવન,
એલીસબ્રીજ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૬.

ચાલો આપણે પણ ૐકારની દિવ્ય કૃપા અને પ.પૂ. સંતશ્રી સદ્ગુરુ ૐઋષિ સ્વામીના મંત્રથી તેજોમય ઊર્જાયુક્ત આશીર્વાદનો લાભ લઈને જીવનને ધન્ય બનાવીએ....

E-mail ID : omkarsampraday@gmail.com
E-mail ID :info@sadguruomrushi.org
Website : www .sadguruomrushi.org
YouTube : Sadguru Omrushi @SadguruOmrushiPriteshbhai
Facebook : Om Rushi Priteshbhai

**RNI GUJGUJ/2015/65690**
Registered under Postal Registration No. AHD-C/64/2020-2022 valid up to 31st December-2022 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month' Date of Publication : 7th every month

Printed & Published by **KINJAL ASHOKKUMAR SHAH** on behalf of **'SEVA SAMARPAN FOUNDATION'** and Printed at Print Vision Pvt. Ltd., Print Vision House, Lane by jay Gujarat Fruit Center, Ambawadi Market, Ahmedabad - 380006 and published from 'Seva Samarpan Foundation', Gr. Floor, 001, Angi Flat, Opp. Annapurna Party Plot, New Vikas Gruh Road, Paldi, AHMEDABAD-380007. GUJARAT. Editor : **KINJAL ASHOKKUMAR SHAH**

॥ ૐ નમઃ ॥